## કનેક્ટ2 (Connect2) અંગે વારંવાર પુછાતા પ્રશ્નો
**(Frequently asked questions about Connect2.)**

### સારાંશ રૂપે યોજના:

કનેક્ટ2 છ યોજનાઓમાની એક યોજના છે જે ડિસેમ્બરમાં એક આઇટીવીના પ્રદર્શન દ્વારા બિગ લોટરી ફંડમાંથી (Big Lottery Fund) £50 મિલિયનની હરીફાઇમાં ભાગ લેશે. અન્ય બધી જ યોજનાઓ માત્ર એક જ સ્થળે પૈસા વાપરવાની રજુઆત કરે છે જ્યારે કનેક્ટ2 આ પૈસાનો ઉપયોગ દેશના એક છેડેથી બીજા છેડા સુધી 79 અલગ અલગ યોજનાઓ ઉપર કરી શકે છે.

આમાંની એક છે વૉટરમીડ કંટ્રી પાર્ક (Watermead Country Park) યોજના જેને £50 મિલિયનના ભાગરૂપે £700,000 મળી શકે છે. લેસ્ટરશાયર કાઉંટી કાઉંસિલના સમાવેશ સાથે સ્થાનિક સંસ્થાઓના નિધિયનથી કુલ યોજના ખર્ચ £1 મિલિયનની ઉપર પહોંચે છે.

આ યોજના સસ્ટ્રાંસ (Sustrans) નો દ્વારા સંચાલિત છે (રાષ્ટ્રીય સાયકલ ધર્માદા સંસ્થા - જે નેશનલ સાયકલ નેટવર્ક માટે જવાબદાર છે) અને જે સિટી અને કાઉંટી કાઉંસિલને, ચાર્નવુડ બોરો કાઉંસિલને સ્થાનિક પેરિશ કાઉસિલોને અને સ્થાનિક જૂથો જેમ કે રેંબલર્સ એસોસિયેશન અને મોઝેક (Mosaic)ને સુસંગઠિત રાખે છે, જે અસમર્થ લોકો માટે સેવાઓ રચે છે.

### પ્રઃ આ યોજના માટે કેટલો ટેકો છે?

અત્યાર સુધીમાં સસ્ટ્રાંસની વેબ સાઇટ મારફત અમોને 300 થી વધારે ટેકો પૂરો પાડવા માટેનાં વચનો મળેલ છે, જે અમને રાષ્ટ્રભરની 79 યોજનાઓમાં પ્રથમ દસના સ્થાનમાં મુકે છે. આ આંકડો લેસ્ટર મર્ક્યુરિની લેખિત અરજી (Petition)ની વિશેષમાં છે જેને પહેલેથી જ સેંકડો વધારે સહીઓ મળેલ છે.

### પ્રઃ યોજનાના ભાગરૂપે બીજુ શું શું થશે?

આ પાર્કમાં જવા માટે કેટલાક રસ્તાઓ છે, પણ હાલમાં આમાંના ઘણાનો ઉપયોગ કરવો મુશ્કેલ છે. સમાજના તમામ વર્ગો માટે ઘણી કેડીઓ અને પુલો સુલભ નથી, દાખલા તરીકે થર્મસ્ટન (Thurmaston) અને બર્સટોલ (Birstall) લોક્સ (બંધ).

થર્મસ્ટનમાં આવેલ પુલ અતિશય ઢાળવાળો હોવાથી, વિલચેર (પૈડાંવાળી ખુરશી)નો ઉપયોગ કરનાર અથવા નાંનાં બાળકોની સંભાળ રાખનાર માટે તે અશક્ય બને છે. જે કોઇને સામાન્ય રીતે ચાલવામાં કાંઇ તકલીફ હોતી નથી તે પણ બરફમય વાતાવરણમાં વિશેષત તકલીફ અનુભવે છે. ઓળંગવામાં સહેલાઇ કરવા માટે તે તરફ પહોંચતા ઢાળ ઘટાડવાની યોજના ઘડવામાં આવી છે.

તમામ પાર્કનો ઉપયોગ કરનારની સહેલાઇ માટે નાની સંખ્યામાં કેડીઓને સખત સપાટી આપવામાં આવશે.

**પ્રઃ શું તમે અતયંત મોટા પ્રમાણમાં કેડીઓ પર ડામર લગાડશો?**

જ: કેડીઓને વધુ સુલભ બનાવવા માટે અમે વધારે પ્રમાણમાં કેળીઓ પર ડામર લગાડવાની દરખાસ્ત મુકી રહ્યા છીએ. છતાં પણ જે બહુમતી કેડીઓ સખત સપાટીની બનાવવામાં આવી રહી છે તે હાલમાં કાંકરી (Gravel)ની બનેલ છે, કે જે ચલાયમાન રહેવાની અક્ષમતા ધરાવતા લોકો માટે ન તો ફક્ત તેનો ઉકેલ કાઢવો મુશ્કેલ બને છે પણ તેની જાળવણી પણ ઘણી ખરચાળ નીવડે છે, અને વારંવાર ફરી કાંકરી પાથરવાની જરુર પડવાથી પર્યાવરણ માટે ખાસ લાભકારક નથી.

થોડી 'નવી' કેડીઓ બંધાય રહી છે, પણ આ હાલની ઘાસની કેડી ઉપર છે જે પાર્કની મુલાકાત લેતા લોકો દ્વારા ભારે ઉપયોગના કારણે વલોવાય અને ઘસાઈ જાય છે. આપણી પાસે જે પહેલેથી જ ડામરની કેડીઓ છે, તેને ઘણી ઓછી ફરીયાદોને આકર્ષે છે અને કુદરતી દેખાવ સાથે ઝડપથી ભળી ગયેલ છે.

**પ્રઃ શું આ નવી કેડીઓ મોટરસાયકલ અને સ્કુટર હાંકનારને આ પાર્કને એક રેસટ્રેક બનાવી દેવા માટે પ્રોત્સાહિત નહીં કરે?**

જ: અમે એ અપેક્ષા નથી રાખતા કે પાર્કમાંના વધારાના ભાગ હાલની સ્થિતિ બદલશે. કનેક્ટ2 યોજનાના ભાગ પ્રમાણે, જો અમને પૈસા મળશે તો મુદ્દાને સંબોધવા માટે વિવિધ પ્રકારના વિકલ્પો જોવામાં આવશે. અમે યોગ્ય સમતુલના પૂરી પાડીએ છીએ તે સુનિશ્ચિત કરવા અમે હમેંશા એ પણ જોઇએ છે કે અન્ય વિસ્તારોમાં આ કેવી રીતે પ્રાપ્ત કરાયું છે. મોટરસાયકલ વિરુદ્ધ વિવિધ પ્રકારના બેરિયર્સ (અવરોધો) ઉપલબ્ધ છે, અન્ય સ્થળોના અનુભવ દ્વારા સુચન મળે છે કે ઉચ્ચ પ્રમાણમાં કાયદેસર રીતે ઉપયોગ કરનારાઓ મોટરસાયકલ હાંકનારાઓને અટકાવે છે.

**પ્રઃ શું તમે પાર્કમાં સ્ટ્રીટ લાઇટીંગ (શેરીની બતીઓ) ગોઠવવાના છો?**

જ: આ યોજના સાથે અમે હજુ સુધી સ્ટ્રીટ લાઇટીંગ માટે કોઇ દરખાસ્ત સુસંગઠિત કરી નથી. તેમ છતાં, જો સ્ટ્રીટ લાઇટીંગ યોજનાનો ભાગ બનશે તો, વન્ય પ્રાણીઓને ખલેલથી બચાવવા માટે અલ્પતમ પ્રમાણમાં રાખવામાં આવશે. અંગત સુરક્ષાના કારણોસર, પાર્કની આરપાર ફક્ત એક રસ્તા ઉપર લાઇટીંગની જરૂર પડશે (થર્મસ્ટન અને બર્સટોલની વચ્ચે). તે કોઇ પણ વસવાટની નજીક ગોઠવવામાં નહી આવે એટલે રહેવાસીઓને અસર થશે નહી. ઊનાળામાં, સ્ટ્રીટ લાઇટીંગ ક્યારેય પણ ચાલુ રાખવામાં આવશે નહીં, પરંતુ શિયાળાના મહિનાઓ દરમ્યાન (ઓક્ટોબર થી માર્ચ સુધી) સવારે અજવાળું થાય ત્યાં સુધી લાઇટો ચાલુ થશે અને સંધ્યા સમયે 8 વાગ્યા સુધી (દા.ત. કામધંધા માટે નિત્ય મુસાફરીનો સમયગાળો). આ પ્રકારની શિયાળાની લાઇટીંગને કારણ પક્ષી જીવન ઉપર કોઇ નુકસાનકારક અસર થતી નથી.

**પ્રઃ જો તમને પૈસા ન મળે તો શું? દરખાસ્તો ઉપર ઘણું કામ કરાયું છે, શું આ બધું નિરથર્ક જશે?**

જો અમને પૈસા નહી મળે, તો પ્રારંભમાં અમે આ યોજના અંગે આગળ નહીં વધીએ. તેમ છતાં, જે કામ અમે કર્યું છે તે પાર્ક માટેની અમારી મહત્વકાંક્ષા દર્શાવે છે, અને સમય દરમ્યાન

યોજનાના ફક્ત અમુક મુખમુદ્રાઓ ટુંક સમયમાં થઇ શકે છે, લાંબા સમયે નિધિયન માટે આપણે અન્ય રસ્તાઓ શોધી શકીએ છીએ. ત્યારે આપણે શું કર્યું હશે કે પાર્કની રેખાકૃતિ ઉભી કરિ હશે અને તેનો સામેનો કરતા મુદ્દાઓ. આ આપણે ત્યારે જ મદદરૂપ બની શકે કે જો આપણે અન્ય નિધિયન માટે પ્રયત્ન કરીએ, કારણ કે આપણી પાસે ઘણી સંખ્યામાં જાહેર ટેકાના પ્રદર્શન માટે વિપુલતાં સંગ્રહેલ પુરાવા છે. પાર્કમાં જતા સુધારેલ રસ્તા માટે પણ અમને વધારાનાં સુચનો મળેલ છે જેને અમે એક અલગ મુદ્દા તરીકે જારી રાખ્યાં છે.